ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

सत्यमेव जयते

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

# ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
## દ્વારા આયોજિત
## માતૃભાષા મહોત્સવ– ૨૦૨૬

**આત્મીયશ્રી,**

નમસ્તે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સરકારના રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કાર્યરત સ્વાયત એકમ છે. અકાદમી ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, સિંધી અને કચ્છી ભાષાઓનાં સંરક્ષણ અને સંવર્ધન માટે કાર્યરત છે. યુનેસ્કો દ્વારા ૨૧મી ફેબ્રુઆરીને 'વિશ્વ માતૃભાષા દિવસ' તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. આ અન્વયે તા.૨૧/૦૨/૨૦૨૬નાં રોજ અકાદમીના દ્વારા સમગ્ર રાજ્યમાં ૩૪ જિલ્લાના અલગ–અલગ ૫૦૦ થી વધુ સ્થળોએ માતૃભાષા દિવસની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં વિવિધ કોલેજ/યુનિવર્સિટી/સાહિત્યિક સંસ્થાઓ સાથે મળી 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણીને અનુલક્ષીને કવિ સંમેલન, પરિસંવાદ, વાચિકમ, કાવ્યસંગીત જેવા કાર્યક્રમો યોજશે. આપણી માતૃભાષાનું ગૌરવ વધે તે માટે આવો સાથે મળી આપણે સૌ ઉત્સાહ પૂર્વક 'માતૃભાષા મહોત્સવ–૨૦૨૬'ની ઉજવણી કરીએ.

આશા છે કે આપશ્રી આપણી માતૃભાષાના ગૌરવ માટે 'માતૃભાષા મહોત્સવ–૨૦૨૬'ની ઉજવણીમાં જોડાઈ અને આ વિરાટ સાહિત્ય યજ્ઞમાં એક સમિધ અર્પણ કરશો.

**(ડૉ. જયેન્દ્રસિંહ જાદવ)**
**મહામાત્ર**
**ગુજરાત સાહિત્ય અકાદમી**
**ગાંધીનગર**

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૨૧/૦૧/૨૦૨૬**

**ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર**

**દ્વારા આયોજિત**

**માતૃભાષા મહોત્સવ– ૨૦૨૬**

**શરતો અને નિયમો:**

- આ કાર્યક્રમ માટે બેંક ખાતું ધરાવતી રજીસ્ટર્ડ સંસ્થા જ અરજી કરી શકશે. વ્યક્તિગત અરજી થઈ શકશે નહીં.
- કાર્યક્રમમાં યોજાનાર વ્યાખ્યાનો માટેનાં વકતાઓની પસંદગી ભાષાની ગરિમા જળવાય તે રીતે અને રાજ્ય કે રાષ્ટ્રહિતને હાનિ ન પહોંચે તે ધ્યાને રાખીને કરવાની રહેશે.
- આ કાર્યક્રમ તા. ૧૫/૦૨/૨૦૨૬ થી તા.૨૧/૦૨/૨૦૨૬ સુધીમાં માતૃભાષા સપ્તાહ દરમિયાન કોઈ પણ દિવસે યોજવાનો રહેશે.
- આ કાર્યક્રમ માટે ઓનલાઈન અરજી www.gujaratsahityaacademy.com પરથી કરવાની રહેશે.
- વ્યાખ્યાન/પરિસંવાદ/ગોષ્ઠીમાં વધુમાં વધુ બે વક્તાઓ તેમજ કવિસંમેલનમાં વધુમાં વધુ ત્રણ કવિઓને આમંત્રિત કરી શકાશે.
- વક્તા, કવિ અને સંચાલકને રૂ. ૩૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર લેખે) મળવાપાત્ર થશે. વકતા/કવિ/સંચાલકને આ સિવાય અન્ય કોઈ રકમ મળવાપાત્ર થશે નહીં.
- વક્તા, કવિ, સંચાલક અને સંયોજકને અકાદમી દ્વારા પ્રવાસખર્ચ ચૂકવવામાં આવશે નહીં, તે આયોજક સંસ્થાએ ચૂકવવાનો રહેશે.
- સંયોજકને રૂ. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરસ્કાર મળવાપાત્ર થશે. જે અકાદમી ચૂકવશે.
- કાર્યક્રમમાં બેનર અને કાર્ડની ડીઝાઈન (સોફ્ટ કોપી) અકાદમી દ્વારા મોકલવામાં આવશે. બેનરની પ્રિન્ટ સંસ્થાએ કરાવવાની રહેશે. અકાદમીએ મોકલેલ કાર્ડ અને બેનર ડીઝાઈન જ વાપરવાનું રહેશે. જો તેમ નહીં થાય તો અકાદમી તે કાર્યક્રમ અંગે કોઈ ખર્ચ ચૂકવશે નહીં.
- કાર્યક્રમમાં સાઉન્ડ, ડેકોરેશન, કાર્ડ, બેનર પ્રિન્ટિંગ ખર્ચ, કાર્યક્રમની ફોટોગ્રાફી અને જરૂર હોય તો વિડીયોગ્રાફી તેમજ ફેસબુક લાઈવ તથા આનુષાંગિક સુવિધાઓ માટે વધુમાં વધુ ૧૫,૦૦૦/– ખર્ચ કરી શકાશે. આ અંગેના તમામ અસલ બિલો સંસ્થાનાં સહી–સિક્કા સાથે મોકલી આપવાના રહેશે. આનુષાંગિક સુવિધાઓ માટેનો ખર્ચ સંસ્થાના બેન્ક ખાતામાં જ ચૂકવવામાં આવશે.
- બીલો રજૂ કરતી વખતે નીચેની વિગતો ધ્યાનમાં રાખવાની રહેશે.
(૧) સંસ્થાનો ફોરવર્ડીંગ લેટર (૨) અકાદમીનો મંજૂરી પત્ર (૩) નિમંત્રણ કાર્ડ (૪) ખર્ચની સમરી
(૫) સમરી મુજબના તમામ વાઉચર તથા બીલોની નકલ પર સંસ્થાના વડાના સહી–સિક્કા
(૬) સંસ્થાની બેન્ક ખાતાની વિગતો (૭) ફોટોગ્રાફી/ વિડીયોગ્રાફી, પ્રેસનોટની પેનડ્રાઇવ

ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ ,ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

- આ કાર્યક્રમની પ્રેસનોટ આપવાની રહેશે. જેમાં અકાદમીનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- આ કાર્યક્રમનાં તમામ બીલો સહિત તા.૨૮/૦૨/૨૦૨૬ સુધીમાં અકાદમીને મોકલી આપવાનાં રહેશે. આ તારીખ બાદ અકાદમી કોઈ બીલોની ફાઈલનો સ્વિકાર કરશે નહીં અને ચૂકવણું પણ કરશે નહીં. ત્યારબાદ તેની જવાબદારી જે તે સંસ્થા/સંયોજકની રહેશે.

**(ડૉ. જયેન્દ્રસિંહ જાદવ)**
**મહામાત્ર**
**ગુજરાત સાહિત્ય અકાદમી**
**ગાંધીનગર**